
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૧૩ : અંક ૧૨ ] અમદાવાદ : તા. ૧૫-૯-૪૮ [ ક્રમાંક : ૧૫૬

## विषय-दर्शन


१ भावनाकुलकम् : पू मु. म. श्री. कांतिविजयजी : ટાઈટલ પાનું-૨

૨ કવિવર દીપવિજયજીવિરચિત શ્રી કેસરિયાતીર્થની એક અપ્રસિદ્ધ લાવણી
:પૂ. મુ મ. શ્રી. અભયસાગરજી : ૨૬૪

૩ કનકકુશલગણિ અને એમની કૃતિઓ : પ્રો. હીરાલાલ ર. કાપડિયા : ૨૭૩

४ बारह भावना सम्बन्धी विशाल साहित्य : श्री अगरचंदजी नाहटा : २८०

તેરમા વર્ષનું વિષય-દર્શન

મદદ


### લવાજમ સંબંધી સૂચના.

ઘણાખરા ગ્રાહક ભાઈઓનું લવાજમ આ અંકે પુરું થાય છે. તો જેમનું લવાજમ પુરું થતું હોય તેમણે પોતાના લવાજમના બે રૂપિયા મોકલી આપવા. લવાજમ નહીં મળે તો આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા વિનંતિ છે વ્ય.

**લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના**

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# भावनाकुलकम् ।

## सम्पादक–पूज्य मुनिमहाराज श्री कान्तिविजयजी

निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।
[1]डज्झंतमप्पाणमुविक्खयामि, जं धम्मरहिओ [2]दीहे गमामि ॥ १ ॥
इमस्स [3]देहस्स दुहालयस्स, [4]किर जीव लुद्धो ठाणस्सगस्स ।
अन्नं सरं किं पि [5]अपित्थरस्स, जायारई कूवि व दद्दुरस्स ॥ २ ॥
माणुस्सजम्मे [6]तुडिलद्धएणं, जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुक्कएणं, [7]हत्थामले वा य अवस्सतेणं ॥ ३ ॥
दुलहे वि लद्धे माणुस्सजम्मे, चिन्तामणीतुल्लजिणिंदधम्मे ।
पुविल्लए किंचि वि दुट्ठकम्मे, सुहाणुट्ठाणंमि अणायरो मे ॥ ४ ॥
चरणं चरेउं जइ नो तरेसि, गिहत्थधम्मं न समायरेसि ।
सव्वस्स गमणे अद्धं न लेसि, पच्छा घणं जीव विसूरएसि ॥ ५ ॥
विसुद्धयं दंसणनाणसारं, न धारियं संजमसीलभारं ।
सड्ढत्तणं तं पि हु नामधारं, [8]कहं नु होही भवजलहिपारं ॥ ६ ॥
देवो जिणो साहु गुरू पसत्था, तत्ताइं जीवाइनवपयत्था ।
मन्नंति जे [9]केइ नरा कयत्था, अच्छंतु ता पंचमहव्वयत्था ॥ ७ ॥
धन्ना मुणी जे चइऊण गेहं, तवेण उग्गेण दमंति देहं ।
न मन्नियं पुत्तकलत्तनेहं, बहुमाणसारं पणमामि ते हं ॥ ८ ॥
मायापियाबंधवसयणविंदं, लहु उज्झियं घरवावारदंदं[11] ।
उम्मूलियं मोहणवल्लिकंदं, नमामि तेसिं चरणारविंदं ॥ ९ ॥
पुव्विं पि जे [12]के गिहगुत्तिलीणा, पित्तुं वयं गुरुकुलवासलीणा ।
अमुच्छियाऽगिद्ध अदीणवयणा, कालोचिया जे पालंति जयणा ॥ १० ॥
समिइसमिया तिगुत्तिगुत्ता, सज्झायज्झाणेसु सयाऽणुरत्ता ।
[13]संविग्गचित्ता विकहाविरत्ता, न मोहपंके मणयं पि खुत्ता ॥ ११ ॥
न मोडिया इंदियतक्करेहिं, न विद्धया मयरद्धयस हिं ।
न खोभिया दुट्ठपरीसहेहिं, न गंजिया कोहाइयभडेहिं ॥ १२ ॥

( અનુસંધાન ટાઈટલના ત્રીજા પાને )

---

१ ०मविक्ख० प्र० । मुवेक्ख० प्र० । २ दिअहे प्र० । ३ गेहस्स प्र० । ४ किं जीव लुद्धो सि निहाणगस्स प्र० । ५ ०च्छरस्स प्र० । ६ तडि० प्र०, तुट्ठिलट्ठएणं प्र० । ७ हत्थेमल्लिव्वाय प्र० । ८ कह अम्ह होही प्र० । ९ के इहइं कयत्था प्र०, केवि इहं कयत्था प्र० । १० ज्झियं प्र० । ११ विंदं प्र० । १२ नो गिह० प्र० । १३ संवेगचित्ता प्र० ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष १३ | વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮ | क्रमांक |
| अंक १२ | ભાદરવા શુદિ ૧૨ : બુધવાર : ૧૫મી સપ્ટેમ્બર | १५६ |


## કવિવર દીપવિજયજીવિરચિત
# શ્રી કેશરીયાતીર્થની એક અપ્રસિદ્ધ લાવણી

સંગ્રાહક તથા સંપાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રી. અભયસાગરજી

[ નોંધ—આ લાવણી વિ. સં. ૧૮૭૫ ના ફાગણ શુદિ ૧૩ મંગળવારે ઉદયપુરના મહારાણા શ્રી. ભીમસિંહના રાજ્યમાં કેશરિયાજીના એક સંઘમાં ગયેલા કવિ દીપવિજયજી મહારાજે બનાવેલ છે......આમાં યદ્યપિ વર્તમાન ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં સાહિત્યિકોને ઐતિહાસિક તત્ત્વ પ્રાપ્ત નહીં થાય, પણ મારું માનવું છે કે–આ લાવણીમાં જે ત્રણ કિંવદન્તીઓનો સંગ્રહ કરેલ છે, તેને પારમાર્થિક દૃષ્ટિએ ચકાસતાં તેમાંથી કંઈ અસત્યનું તત્ત્વ મળી આવતું નથી, માટે કિંવદન્તીઓ બધી જ ખોટી, એવા અસદાગ્રહને છોડીને તત્ત્વગવેષણા કરનાર સાહિત્યિકોને કેશરિયાજી તીર્થની પ્રાચીનતા તેમ જ પ્રાભાવિકતા આદિ સમજવા આ લાવણી બહુ ઉપયોગી નિવડશે.

આ લાવણી 'उदयपुरના श्री जैनानंद ज्ञानमंडार' ના હસ્તલિખિત સંગ્રહમાંથી ગત વૈશાખ માસમાં મળી આવેલ છે. —સંગ્રાહક ]

ટૂંક સાર—લાવણીકાર પ્રથમ આદિનાથ ભગવાનની સ્તુતિ કરી વર્ત્તમાન કેશરિયાજી તીર્થ જે પ્રાંતમાં છે, તે પ્રાંતનું પ્રાચીન નામ 'खड्गदेश' જણાવી, વર્ત્તમાન પ્રતિમાજીની ઐતિહાસિકતા કિંવદન્તીના આધારે જણાવતાં કહે છે કે—આ પ્રતિમા આમ તો [1]ઘણા કાળથી પૂજાતી આવી છે, પણ રાવણને ત્યાં લંકામાં અગિયાર લાખ, પંચ્યાશી હજાર, પાંચશે અને પચાશ (૧૧૮૫૫૫૦) વર્ષ સુધી પૂજાણી. બાદ રામચંદ્રજીએ રાવણનો વધ કર્યા પછી અયોધ્યા પાછા ફરતાં તે પ્રતિમાજી પણ સાથે લીધાં, પણ અધવચ્ચે જ 'उज्जयिनी'પુરીમાં જ તે પ્રતિમાજી રહ્યાં. [2] ત્યાં પછી શ્રીપાલ મયણાસુંદરીના જીવનનો

---

૧ અહીં લાવણીકારે आद्यौ मूरत काल अनंतकी આદિ ગાથામાં 'અનંત કાલ' શબ્દનો પ્રયોગ કર્યો છે, તે ઔપચારિક—લાક્ષણિક સમજવો. કવિનો મૂળ આશય ઘણો કાળ જણાવવાનો છે.

૨ લાવણીકારે આનું કંઈ કારણ જણાવ્યું નથી. नयर अयोध्या जाते अधविच शहर उज्जेणी ठहराये પદ મૂકી આ વાતને ગર્ભિત રાખી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવપદારાધના આદિને લગતો આખો પ્રસંગ જણાવી લાવણ્ીકારે તેનાથી આ પ્રતિમાજીની પ્રાભાવિકતા સિદ્ધ કરી છે. [3]

પછી ત્યાંથી તે પ્રતિમાજી વર્ત્તમાન કેશરિયાજી તીર્થથી ૨૨ માઈલ દૂર ડુંગરપુર રાજ્યાંતર્ગત ડુંગરપુરથી ૨૨ માઇલ દૂર હાલના [4] બડોદાનગરમાં પધાર્યાં, અને ત્યાં ઘણાં વરસ પૂજાયાં.

ત્યાર બાદ દિલ્હી ઉપર મુસલમાનોનું રાજ્ય થતાં બાદશાહ ચઢાઇ લઈને વાગડ તરફ આવે છે. અને કેટલોક સમય લઢવા છતાં તેને જીત મળતી નથી ત્યારે કંટાળીને બાદશાહ કાજી મુલ્લાંઓની સલાહ લઈ પ્રતિમા સામે ગૌવધ કરવા લાગ્યો. ત્યારે પ્રતિમા પોતે જ શસ્ત્રોના ખણખણાટ સાથે ઊભી થઇને બાદશાહી ફોજ સાથે લઢવા લાગી. લઢતાં લઢતાં પ્રતિમાના શરીર ઉપર ચોરાશી ઘાવ લાગ્યા, બાદશાહની ફોજને ભગાડી, ત્યાંનો બધોય જનસમુદાય અને લાખો ગાડાં લઈ પ્રતિમાજી ધુલેવે આવ્યાં, [5] અને ત્યાં વંશજાલમાં ભૂગર્ભમાં પ્રભુની પ્રતિમા રહી. બાદ ત્યાંના વાણિયાની ગાય ચરતી ચરતી તે સ્થાને આવી, અને એની મેળે તેનું દૂધ ત્યાં ઝરી જવા માંડયું. ગોવાળને વાણિયાએ ધમકાવવાથી ગોવાળ અને વાણિયા બન્નેએ ગાયનું દૂધ તે વંશજાલમાં ઝરી જતું જોયું. તે જ રાત્રિએ શેઠને સ્વપ્નું આવ્યું કે, પ્રભુની પ્રતિમાને બહાર કાઢો અને લાપસીમાં નવ દિવસ રાખો, તે પહેલાં ન કાઢતાં. સવારે જઈ પ્રતિમા કાઢી લાપસીમાં રાખી, પણ છ દિવસ થતાં થતાં તો આ વાતની જાણ થતાં દેશદેશાંતરોથી હજારો યાત્રિકો અનેક જાતની અન્ન-પાણી દૂધાંની બાધા-આખડીઓ લઈ આવ્યા અને તેઓએ ખૂબ આગ્રહ કરી પરાણે સાતમે દિને પ્રભુજીને લાપસી બહાર કાઢયા, [6] જેથી પ્રતિમાજી ઉપર ઝીણા ઝીણા ઘાનાં ચિહ્નો રહી જવા પામ્યાં, બાદ અધિષ્ઠાયકે સ્વપ્ન આપી દ્રવ્ય દેખાડી દેરાસર બંધાવ્યું, અને પ્રતિમાજી ગાદી ઉપર વિરાજ્યા અને જયજયકાર વર્ત્યો. [7] આ પછી લાવણ્ીકારે વિ. સં. ૧૮૬૭માં બનેલી જગ પ્રસિદ્ધ-લગભગ ઐતિહાસિક જેવી—બાઉ સદાશિવની ચઢાઇનો પ્રસંગ ઉપસ્થિત કરી તેનો આબેહૂબ ચિતાર દર્શાવ્યો છે, અને ભૈરવજીએ તેનો પ્રતિકાર કેવો સજ્જડ કરેલ આદિ વર્ણન કરતાં વચ્ચે વચ્ચે વીરરસનું તથા દુઃખથી પીડિત ભક્ત જનોના પુકારનું કરુણરસમયું અદ્‌ભુત વર્ણન કરેલ છે.

---

૩ અહીં કવિએ જે મયણાસુંદરીને મુખે લગ્નના બીજા દિને દેરાસરમાં આદિનાથ ભગવાનની **મોતીદામ છંદ** માં સ્તુતિ કરાવી છે, તેમાં ભાવગાંભીર્ય એવં સરસ પદરચનાથી ખરેખર લાવણીકારનું કવિત્વ ઝળકી ઉઠે છે.

૪ જે પ્રાચીન કાળમાં **વટપદ્ર** નગર કહેવાતું અને **વાગડ** દેશની રાજધાની હતી, તેમ જ પરમાર્હત કુમારપાલના જીવનપ્રસંગમાં **વટપદ્ર**ના વાણિયાનો પ્રસંગ આવે છે તે પણ આ જ સ્થાન જાણવું.

૫ આ બધું તેના અધિષ્ઠાયક દેવની માયા જાણવી.

૬ આજે પણ પ્રતિમાજી ઉપર તેવાં ચિહ્નો સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં જણાય છે.

૭ આ વાત કિંવદન્તી રૂપે લાવણીકારે સંગ્રહી છે. મેં જાતે પણ ઉદયપુરના ગત ચતુર્માસ દરમિયાન કેટલાક અનુભવી વૃદ્ધોને મુખે પણ આ વાત કંઇક વિશિષ્ટતા પૂર્વક સાંભળેલી, અને તે બાજુ વિશેષ પ્રચલિત પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતે **મોતીદામ છંદ** માં પ્રભુભક્તિમાં તન્મય ચિત્તથી ઉદ્‌ગારેલ ભાવભક્તિભીના મધુર શબ્દોમાં કેશરીયાનાથજીની સુંદર સ્તુતિ કરી લાવણી પૂર્ણ કરી છે.

આ પ્રમાણે આમાં પ્રતિમાની ઐતિહાસિક પ્રભાવિકતા સંબંધી લાવણીકારે જનતામાં પ્રચલિત કિંવદન્તીઓનો સંચય કરી સાહિત્યરસિકોને આ બાબત સંશોધનની દિશામાં ઉત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો લાગે છે.

અંતે આ વિષયના અનુભવી જાણકારો પાસેથી હું આશા રાખું છું કે અમુક જાતના આપ્ત ગણાતા વૃદ્ધ પુરુષોનાં મુખોપમુખથી કહેવાતી અને ચાલી આવતી આવી અનેક કિંવદન્તીઓ પણ સાવ અપ્રમાણિક કે નિર્મૂલ હોય એવી માન્યતા છોડી તેઓ આવી લાવણી ઉપર વિશેષ કંઈ પ્રકાશ પાડશે, અથવા આને લગતું અન્ય વિશિષ્ટ સાહિત્ય પ્રગટ કરી આ વિષયને વિશેષ સ્પષ્ટ કરશે.

વિ. સં. ૨૦૦૪, અષાડ વદ ૩, શનિવાર
એલિસબ્રીજ — અમદાવાદ.

## લાવણી

श्रीमहागणाधिपत्यै नमः

(दुहा)

आदिकरण आदि जगत् आदिजिणंद जिनराज ।
धुलेवनाथ साचो धणी वरणुं श्री माहाराज ॥ लावणी ॥ १ ॥
काश्यप गोत्र इक्षागवंसमें मरुदेवि जननी जायो
नाभिनरेसरवंसउजालण आदि धर्म जस प्रगटायो ॥ २ ॥
चोसठि सुरपती देवी देवता मिल मंदरगिरपर नवरायो ।
इसो ऋषभनिधि प्रगट कल्पतरु नरवर मुनि जिन नित ध्यायो ॥ ३ ॥
खड्गदेशमें नगर धुलेवे जास दमामा धुरता है ।
ज्याकी महिमा अपरंपारा कविजन कीरत करता हें ॥ ४ ॥
आदौ मूरत काल अनंतकी पूजित सूरनर असुरिंदा ।
सुरपति नरपति वंदित पदजुग वलि पूजित सूरज चंदा ॥ ५ ॥
लाख इग्यारे हजार पिचासी वरस पांचसे पचासा ।
इतने वरसां लंकागढमें पूजित रावण गुणरासा ॥ ६ ॥
रामचन्द्र सीता अरु लछमण ए मूरत पूजन लाये ।
नयर अयोध्या जाते अधबिच सहर उजेणि ठहराये ॥ ७ ॥
प्रजापाल नरपतकी तनया सुंदरि मयणां धर मन कि ।
पाप कर्म अरु आपकर्मके भई लडाई मरमनकी ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आपकरमके उपर नृपने कुष्टि वरकुं परणाइ ।
मयणा चिंते कांई न भाई कर्म लिखि सो बणि आई ॥ ९ ॥
इक दिन जिनवंदिन गुरुवंदिन आइथी जिनमंदिरपे ।
वंदिनपूजन करके एकचित ध्यान घरें मनकंदरपें ॥ १० ॥

( अथ ध्यानस्तुति । छन्द-मोतिदामः )

तुंहि अरिहंत तुंहि भगवंत तुंहि जिनराज तुंहि जग संत ।
तुंहि जगनाथ तुंहि प्रतिपाल तुंहि मनमोहन गाजिदयाल ॥ १ ॥
तुंहि भवभंजन भावसरुय तुंहि अरिगंजन रंजनभूप ।
तुंहि अविनाश तुंहि महाराज तुंहि वीतराग तुंहि वडभाग ॥ २ ॥
तुंहि गुणधाम तुंहि विसराम तुंहि नवनिध तुंहि वडनाम ।
तुंहि अघनास तुंहि अविनाश तुंहि हितवंत तुंहि मतिवास ॥ ३ ॥
तुंहि गुणकेवलरूप अनंत तुंहि जगतारन तारन संत ।
तुंहि जगधेय तुंहि जगध्यान तुंहि चिद्रूप तुंहि जगभांन ॥ ४ ॥
तुंहि मम मात तुंहि मम तात तुंहि मम भ्रात तुंहि मम छात ।
तुंहि सुखसंपत राखणहार तुंहि दुखदोहग टाळनहार ॥ ५ ॥

(लावणि)

करुं अरज एक तोपे जिनपति कंत कुष्टसे नहिं डरते ।
पूर्व करमके लिखत लेख जे किसके टारे नहिं टरतें ॥ ६ ॥
पिण तुज शासन जगतहेलना जगत ढंढेरो वाजत है ।
आपकर्म अरु जैनधर्मके फल पाए सो लाजत है ॥ ७ ॥
ओ दुख मोये सह्यो न जाय है आदिनाथ जग रखवाला ।
करुणाकरके रोग निवारो गुण कीजे जगप्रतिपाला ॥ ८ ॥
आप प्रसन्न होय फल बिजोरो हाथतणो फल तब दीनो ।
मयणा तब उल्लास भई मनचिंत्यो कारज सब किनो ॥ ९ ॥
नव दिन नमणनिर तनु फरसे कुष्टरोग सब नासत है ।
कामदेव प्रभु अमर समोवड नृप श्रीपाल सुहावत है ॥ १० ॥
या किरत हे प्रभू तिहारि भूतल प्रगट प्रगलहे जस तेरो ।
आसोज चैत्र मासमें महिमा देसदेसमें प्रभू तेरो ॥ ११ ॥
फिर वागडदेस वडोद नगरमें जगपर प्रभू करुणा किनी ।
कीतने बरस ल्यों पूजनमहिमा अविचल भूतल अब दीनि ॥ १२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दिलिपर तुरकांन भयो जब पातसाह लडवा आयो ।
हूत भूत पत्थरकी मूरत जडामूलसें उखरायो ॥ १३ ॥
बहोत दिनां लग किनी लडाई थाको यौं बाचा बोले ।
देव हिंदुको बडो जागतो यौं बोलत फीर फीर डोलै ॥ १४ ॥
सुणो बात काजी मुल्लां तुम एक बातसें त्रासेगा ।
गौब्राह्मणप्रतिपाल कहावे गोवधसे जो नासेगा ॥ १५ ॥
गोवध करन लग्यौ जब निजरां देख शके क्यौं प्रतिपाला ।
करण जुध जब भए महाबल शस्त्र जडोजड विकराला ॥ १६ ॥

(दूहो)

महायुध करते लगें घाव चोरासी अंग ।
करि मेलो लाखां गाडली आये धूलेवे सूरंग ॥ १ ॥

( लावणी )

गाम धूलेवे वंसजालमें गुपत रहे हे प्रभु धरति ।
गाय येके केडे वणीयनकी आई उहां चरति चरति ॥ १ ॥
श्रवे तवां पयधारा सिरपर सांज समे फिर नहिं दूजै ।
रिस करे तब गोवालन पर गोपालक थीर थीर धूजें ॥ २ ॥
दूजे दिन गोवाल्यो आयो लह्यो भेद कह्यो वणियनपें ।
सेठ आय जब निजरे देख्यो चकित भयो हे तनमनमें ॥ ३ ॥
मध्य निसामें सुपनो दिनो ऋषभनाथकी मूरत हे ।
बाहिर काढे करे लापसी भितर मूरत पूरत हे ॥ ४ ॥
नव दिनमें सब घाव मिलासि मत काढो तु नव दिनमें ।
कीयो शेठने हुकमप्रमाणे आये संघ बहो छ दिनमें ॥ ५ ॥
केइ अपवासी केई व्रतधारी केई अद्वआणें पाय चलें ।
केइ लोककु कर बाधा कबां प्रभुको दरिसण मिलें ॥ ६ ॥
यो सब लोकां तरसे दरिसनकुं कहे लोक मूरत काढो ।
लाओ लाओ महाराजकी मूरत संघ सबे लिनो आडो ॥ ७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जबरदस्तपें दिवस सातमें लापसी बाहिर तब किनें ।
अंस अंस भर व्रण रहाए संघलोकने दरसन दिनौ ॥ ८ ॥
फिर सुपनेमें द्रव्य दिखायो संघ मिले देहरो किनों ।
मध्य बिराजे ऋषभ तखतपर कलियुगमें यों जस लिनौं ॥ ९ ॥

(दुहो)

संवत अठारे सतसठसमें भाउ सदासीवराय ।
कीयो धींगाणो दुष्टनें भाखुं वरण बनाय ॥ १ ॥

( छंद—मोतीदाम )

सदासीवराव चिंते मन एह लूटे बहु धाम जमीं पर जेह ।
मिलां पतिनाथ धूलेव कहाय लखोलख द्रव्य भंडार सुनाय ॥ २ ॥
जावां अब लूटण गांम धूलेव ग्रही सब माल ग्रही ततखेव ।
आयो निअ फोज लेई दलगाज तोपां दोय साथ लीए बहु साज ॥ ३ ॥
कंपू दोय लार लिए फिरंगांण उठां भर साथ लिए कोक बांण ।
तव बहु लोक कहे माहाराज नहि इहीं कारज कृत अकाज ॥ ४ ॥
ए तो बहु झाजल देव कहाय रहे नहीं लाज तिहारि काय ।
तवां फिर बोले सदासीव भूप ग्रहुं सब चीज अबां चढ चूंप ॥ ५ ॥
इसो कहि आवत दुष्ट करूर कियो निज राणो नाथ हजूर ।
राह्यो नहि नाथ तवां निज राण गयो मचकित मन गिलांण ॥ ६ ॥
तबां मन चिंते भंडारि बुलाय मीठे व वन बोले सबे ललचाय ।
लेई संघ आय मुकां मम जार कियो तब कुंच लेई सब लार ॥ ७ ॥
करे सब गांम पूकार पूकार भंडारि सबे य पूकार पूकार ।
करो अब बाहर नाथ दयाल गयो कहां आज गरीबनिवाज ।
चढो अब बाहर राखण लाज (पंचपदी) ॥ ८ ॥

( दुहो )

उण समे कोठ शेठको वाहण तारण काज ।
गये हुंते माहाराजजी भेरुं गए वहां गाज ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुणो अरज पृथीनाथजी सेहेर धुलेव मजार ।
कियो घिगांनो दुष्टने सीघ्र चलो जन तार ॥ २ ॥
आये तुरत माहाराजजी करवा जन संभाल ।
दा घोडे दोनूं चढे मेरु अर प्रतिपाल ॥ ३ ॥
मिळको रूप आपें कियो दिस दिस फोज हजार ।
मार मार चोतरफतें भई लडाई त्यार ॥ ४ ॥

( छंद—भुजंगी )

कुकु कूकू कहे कोक बांण सणण सणण तिर तरगक बाण ।
धूबके धूबके वहे नालगोला जिसा कर्कसा जमरा नेण डोला ॥ १ ॥
केते अंगपे सब्रा घाव लागे केते मारिथि कंपते दूर भागे ।
केते दंतपें तरन लेवेव रांक केते थरथरे सेस होवे न रांक ॥ २ ॥
केतें रसुल, ईलल्ला, ईलल्ला, पुकारे किते दीन ह्वेके खूदापें संभारे ।
किते नाथकुं केसराषू न मांने केते नाथकुं जागति जोत जाने ॥ ३ ॥
सदासीवपें घाव लागौ अटारों फूनि भाउ जसवंत दोनू संहारे ।
बडो कोप जांनि सबे भो(फो)ज भाजी हुइ केसरानाथरी जित वाजी ॥ ४ ॥
सदासीवपें घाव लागो अटारों फूनि भाउ जसवंत दोनू संहारे ।
बडो कोप जानि यह फोज भाजी हुई केसर्या नाथरी जित वाजी ॥ ५ ॥

( दुहो )

याविध कलियुग जगजना तार्यां के जिनराज ।
दीपविजय कविराजकुं महिर करो महाराज ॥ १ ॥

( छंद — मोतीदाम )

तुंहि अडरिध तुंहि नवनिध तुंहि मनवंछत इछतसिध ।
तुंहि सिरदार तुंहि किरतार तुंहि सरणागत दीनदयाल ॥ २ ॥
तुंहि घटकुंभ तुंहि गविधेन तुंहि सुरवृच्छ तुंहि मम सेन ।
तुंहि दिक्षणावर्त्त दायक देव तुंहि विसराम तुंही वड सेव ॥ ३ ॥
तुंहि मम प्राण आधार जरूर तुंहि मम इच्छत दायक नूर ।
तुंहि मम भूप तुंहि पातसाह तुंहि मम ऋद्ध भंडारि अगाह ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुंही मम मंत्र तुंही मम जंत्र तुंही मम सत्य तुंही मम तंत्र ।
तुंही गच्छनायक तुं श्रीपूज्य तुंही मम पूज्य तुंही जग पूज्य ॥ ५ ॥

(लावणी)

नाथ धूलेवा किरत सुणकें देसदेसके नृप आवत हें ।
केसरमें गरगाव रहें हें केसर्यो नाथ कहावत हें ॥ ६ ॥
सहेर परगने देसदेसावर फीरे दुहाई नाथकी ।
हिंदू मूसल वड राणां हाजर पूरे इच्छा सब मनकी ॥ ७ ॥
जलवट थलवट वाटघाटमें रण राउल भय दूर हरे ।
तनमन ध्यानें एक चित समरें अखय खजानो अभर भरे ॥ ८ ॥
धिधिमप २ धपमप २ तालपरवा वजरावत हें
गगडदौं गगडदौं २ धौ धौ नौपतसहि वाजत हें ।
हिंदुपत पतसाह उदेपूर भिमसिंघके राजनमें
एह लावणी खूब वणाई सकलसिंघके साजनमें ॥ ९ ॥
संवत १८७५ के शुभ वरसें फागुण सुदि तेरस दिवसें ।
मंगलके दिन दीपविजयकुं दरसण फरसण दो उलसें ॥ १० ॥

( कलस )

ऋषभनाथ प्रथीनाथ ऋषभ दुखदालिद्र भंजण
ऋषभनाथ प्रथीनाथ सबे नृप मनरंजन ।
ऋषभनाथ प्रथीनाथ समर्यो वाहर धायें
ऋषभनाथ प्रथीनाथ मंगला नाम गवाइं ॥ ११ ॥
दीपविजे कविराज कहें खलक मूलक हाजर रहे ।
कलियुग साचो देव तुं सुर नर सवि किरत कहे ॥ १२ ॥

इति श्री ऋषभदेवजीरी लावणी संपूर्णम् ।

संवत १९१३ वर्षे मिति आसोज वदि ७ दिने दक्षिणदेसे गाम येवला मध्ये । साधुजी महाराज श्री १०८ श्री श्री हेमसागरजी तत् शिष्य श्री १०५ श्री रूपचंदजी तत् शिष्य नंदलाल पठनार्थम् । लिखितं दवे अमरचंद पलिवाल ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કનકકુશલગણિ અને એમની કૃતિઓ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

" ભક્તામર-કલ્યાણમન્દિર-નમિઊણસ્તોત્રત્રયમ્ " નામનું પુસ્તક દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૩૨માં પ્રસિદ્ધ થયું છે. એની સંસ્કૃત ભૂમિકા ( પૃ. ૨૯-૩૦ ) માં મેં કનકકુશલગણિનો આછો પરિચય તેમ જ એમની સોળ કૃતિ વિષે સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ ઈ. સ. ૧૯૩૩માં **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** પ્રસિદ્ધ થયો છે. એની ૮૭૦મી અને ૮૯૧મી કંડિકામાં કનકકુશલ અને એમની કૃતિઓ વિશે સંક્ષિપ્તમાં નોંધ લેવાઇ છે. આ અરસામાં "આત્માનંદ પ્રકાશ"ના વિ. સં. ૧૯૮૮ના માગશરના અંકમાં " સૌભાગ્યપંચમીકથા " નામના લેખમાં આ ગણિ અને એમની કૃતિઓ વિષે થોડોક ઉલ્લેખ છે. આ લેખ " વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો " નામના લેખ-સંગ્રહમાં ૧૧મા લેખ તરીકે આ વર્ષે છપાયો છે. અને એ લેખો અ. ભોગીલાલ સાંડેસરાના છે. આમ આ ગણિ વિષેની માહિતી પૂરી પાડનાર આ ત્રણ મુખ્ય સાધનો છે.

**દીક્ષાગુરુ ને વિદ્યાગુરુ**—કનકકુશલગણિએ **દાનપ્રકાશ** રચ્યો છે. એના પ્રત્યેક પ્રકાશના અન્તમાંની પુષ્પિકામાં એમણે પોતાનો પરિચય આપતાં કહ્યું છે કે 'તપાગચ્છ'ના નાયક શ્રીવિજયસેનસૂરીશ્વરના શિષ્ય શ્રીસોમકુશલગણિના શિષ્ય પંડિત કનકકુશલગણિકૃત **દાનપ્રકાશ** છે. આ **દાનપ્રકાશ**ની પ્રશસ્તિમાં તેઓ પોતાના વિદ્યાગુરુ તરીકે વાચક **શાન્તિચન્દ્ર** અને વિબુધ કમલવિજયનો ઉલ્લેખ કરે છે. **રોહિણીકથા**ની પ્રશસ્તિમાં અને **સાધારણ જિન સ્તવ**ની વૃત્તિની પુષ્પિકામાં એમણે પોતાને વિજયસેનસૂરિના 'શિષ્યાણુ' તરીકે અને **ભક્તામરસ્તોત્ર**ની વૃત્તિની પ્રશસ્તિમાં હીરવિજયસૂરિના 'શિષ્યાણુ' તરીકે ઓળખાવેલ છે આમ એમણે 'લઘુ શિષ્ય' અર્થવાળો 'શિષ્યાણુ' શબ્દ 'પ્રશિષ્ય' તેમજ એના પણ શિષ્યના અર્થમાં વાપર્યો છે. જૈ૦ સા૦ સં૦ ઇ૦ ( ફ ૮૭૦ ) માં કનકકુશલને, વિજયસેનસૂરિના શિષ્ય તરીકે ઓળખાવાયા છે તે ભૂલ છે. આ ભૂલ 'શિષ્યાણુ' નો લઘુ શિષ્ય એ એક જ અર્થ ખ્યાલમાં રહેવાથી થઇ હશે. ફ ૮૯૧માં વિક્રમના સત્તરમા શતકમાં સંસ્કૃત અને પાઇય ગ્રંથોના ગદ્યાત્મક અનુવાદરૂપે બાલવબોધ-ટબા કયા કયા થયા છે તેનો ઉલ્લેખ કરતી વેળા " ત. કનકકુશલે સં. ૧૬૫૫માં વરદત્તગુણમંજરીકથા, સૌભાગ્યપંચમીકથા અને જ્ઞાનપંચમીકથા પર " એવો ઉલ્લેખ છે. આમ અહીં એક જ કૃતિને ત્રણ ભિન્ન ભિન્ન ગણી હોય એમ લાગે છે. એટલે જો એ એમ જ હોય તો એ પણ ભ્રાન્ત ઉલ્લેખ છે એમ એમનો કૃતિકલાપ વિચારતાં જણાય છે.

## કૃતિકલાપ

કનકસુન્દરગણિની કૃતિઓનાં નામ અને ત્યાં સુધી એના રચના-વર્ષના ઉલ્લેખ પૂર્વક અહીં હું રજૂ કરું છું:—

| નામ | રચના-વર્ષ |
|---|---|
| ૧ 'ઋષભ ! નમ્ર' સ્તોત્રવૃત્તિ | વિ. સં. ૧૬૫૨[1] |

---

૧ આ વર્ષમાં હીરવિજયસૂરિનો ઉનામાં સ્વર્ગવાસ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૨ કલ્યાણમન્દિરસ્તોત્રવૃત્તિ | વિ. સં. ૧૬૫૨ |
| ૩ ગોડીપાર્શ્વનાથછંદ | ? |
| ૪ ચતુર્વિંશતિજિનસ્તોત્રવૃત્તિ | વિ. સં. ૧૬૫૨ |
| ૫ જિનસ્તુતિ | વિ. સં. ૧૬૪૧ |
| ૬ જ્ઞાનપંચમીકથા ( સૌભાગ્યપંચમીકથા ) | વિ. સં. ૧૬૫૫ |
| ૭ જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ | ? |
| ૮ દાનપ્રકાશ | વિ. સં. ૧૬૫૬ |
| ૯ દીવાલીકલ્પ ( સં. દીપાલિકાકલ્પ ) | ? |
| ૧૦ 'દેવાઃ પ્રભો' સ્તોત્રવૃત્તિ | ? |
| ૧૧ પંચમીપર્વસ્તુતિવૃત્તિ | વિ. સં. ૧૬૫૨ |
| ૧૨ ભક્તામરસ્તોત્રવૃત્તિ | વિ. સં. ૧૬૫૨ |
| ૧૩ રત્નાકરપંચવિંશતિકાટીકા | ? |
| ૧૪ રોહિણીકથા | વિ. સં. ૧૬૫૭ |
| ૧૫ વરદત્તગુણમંજરીબાવની | ? |
| ૧૬ વિશાલલોચનસ્તોત્રવૃત્તિ | વિ. સં. ૧૬૫૩ |
| ૧૭ શોભનસ્તુતિવૃત્તિ | ? |
| ૧૮ સકલાર્હચ્ચૈત્યવંદનવૃત્તિ | વિ. સં. ૧૬૫૪ |
| ૧૯ સાધારણજિનસ્તવનવૃત્તિ | ? |
| ૨૦ સુરપ્રિયમુનિકથા | વિ. સં. ૧૬૫૬ |
| ૨૧ 'સ્નાતસ્યા' સ્તુતિવૃત્તિ | વિ. સં. ૧૬૫૮ |
| ૨૨ હરિશ્ચન્દ્રરાજાનો રાસ | વિ. સં. ૧૬૯૭ |

આ પૈકી જિનસ્તુતિ, રત્નાકરપંચવિંશતિકાટીકા, અને સુરપ્રિયમુનિકથા એ ત્રણનો ઉલ્લેખ જૈ. સા. સં. ૪. ને આધારે અને શોભનસ્તુતિવૃત્તિનો ઉલ્લેખ જૈ. ગુ. ક. ને આધારે મેં અહીં કર્યો છે, જ્યારે જ્ઞાનપંચમીનો બાલાવબોધ અને હરિશ્ચન્દ્રરાજાનો રાસ એ બેની નોંધ ઉપર્યુક્ત લેખસંગ્રહને આધારે લીધી છે. બાકીની સોળ કૃતિનાં નામ તો મેં પૂર્વોક્ત સંસ્કૃત ભૂમિકામાંથી અહીં ઉતાર્યાં છે. ઉપર જે મેં બાવીસ કૃતિઓ ગણાવી છે તેમાં જિનસ્તુતિ એ સૌથી પ્રાચીન છે. એની પૂર્વે કોઈ કૃતિ કનકકુશલે રચી હોય એમ જાણવામાં નથી. એમની છેલ્લી કૃતિ હરિશ્ચન્દ્રનો રાસ હોય એમ લાગે છે, કેમકે ત્યાર પછીની કોઈ કૃતિ જોવામાં આવી નથી.

એમની મુખ્ય પ્રવૃત્તિ વિવિધ સ્તોત્ર-સ્તુતિ ઉપર ગદ્ય સંસ્કૃતમાં વૃત્તિ રચવાની હતી એમ આ કૃતિકલાપ જોતાં ભાસે છે. વિ. સં. ૧૬૫૨માં એમણે ચાર સ્તોત્ર અને એક સ્તુતિ એમ પાંચની વૃત્તિ રચી છે.

ગોડીપાર્શ્વનાથછંદ, જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ અને હરિશ્ચન્દ્રરાજાનો રાસ એ ત્રણ ગુજરાતી કૃતિઓ છે. વરદત્તગુણમંજરીબાવની કદાચ હિન્દીમાં હશે. દીવાલીકલ્પ એ પાઇય કૃતિ છે. આ સિવાયની તમામ કૃતિઓ સંસ્કૃતમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે હું ઉપર્યુક્ત બાવોસ કૃતિઓ વિષે ક્રમશઃ થોડીક વિગતો રજૂ કરીશ :

(૧) **'ઋષભ ! નમ્ર !' સ્તોત્રવૃત્તિ**—જિનપ્રભસૂરિએ 'ઋષભ ! નમ્ર'થી શરૂ થતું ૨૬ પદ્યનું સ્તોત્ર રચ્યું છે. એ **પ્રકરણરત્નાકર** (ભા. ૪)માં તેમજ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૧૪૯–૧૫૧)માં છપાયું છે. એના ઉપરની આ ગદ્યાત્મક વૃત્તિ છે અને એનું પ્રમાણ ૪૫૭ શ્લોક જેટલું છે. આની પ્રશસ્તિનાં પાંચ પદ્યો મેં ઉપર્યુક્ત ભૂમિકામાં આપ્યાં છે.

(૨) **કલ્યાણમંદિરસ્તોત્રવૃત્તિ**—સિદ્ધસેન દિવાકરે રચેલા **કલ્યાણમન્દિરસ્તોત્ર** ઉપરની આ ગદ્યાત્મક વૃત્તિ છે. એનું પ્રમાણ ૬૦૦ શ્લોક જેવડું છે. આ વૃત્તિ તેમજ **ભક્તામરસ્તોત્રવૃત્તિ** મેં સંપાદિત કરી છે અને એ બંને ઉપર્યુક્ત "ભક્તામર-કલ્યાણ મન્દિર–નમિઊણસ્તોત્રત્રયમ્" નામના પુસ્તકમાં અનુક્રમે પૃ. ૧૫૩–૨૧૯માં અને પૃ. ૧૨૬–૧૫૧માં છપાઈ છે. આ બંને વૃત્તિમાં સમાસો વિષે સમજણ અપાઈ છે. પૃ. ૧૭૪ માં 'માલવ' દેશમાં લોકો પદ્યના બીજાને 'અક્ષ' કહે છે એવો ઉલ્લેખ છે.

(૩) **ગોડીપાર્શ્વનાથ-છંદ**—આ ત્રેવીસમા તીર્થંકર **પાર્શ્વનાથની** કે જેમનાં વિવિધ નામોમાંના એક નામમાં 'ગોડી' શબ્દ છે, તેમની સ્તુતિરૂપ કૃતિ હશે એમ લાગે છે. આ છપાઈ હોય તો તેની મને ખબર નથી. આની હાથપોથીઓ ક્યાં ક્યાં છે તે જાણવું બાકી રહે છે.

"શ્રીભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય ભાગ" જે મેં સંપાદિત કર્યો છે તેના 'ઞ' પરિશિષ્ટ તરીકે વિજયસેનસૂરિના શિષ્ય વિનયકુશલના શાંતિકુશલે રચેલ **(ગોડી)પાર્શ્વનાથસ્તવન** છપાયું છે. આ સ્તવનના પ્રારંભમાં **પાર્શ્વનાથનાં** ૧૧૦ નામ ગણાવાયાં છે. આ સ્તવન વિ. સં. ૧૬૬૭માં ગુજરાતીમાં વિનંતિ રૂપે રચાયું છે.

(૪) **ચતુર્વિંશતિજિનસ્તોત્રવૃત્તિ**—જિનપ્રભસૂરિએ રચેલ ચોવીસ જિનોની સ્તુતિરૂપ કૃતિની આ ગદ્યાત્મક વૃત્તિ છે. એનું પ્રમાણ ૫૦૧ શ્લોક જેટલું છે. આ સ્તુતિ તે કઈ તે જાણવામાં નથી. એ જો 'ઋષભ ! નમ્ર !'થી શરૂ થતી જ સ્તુતિ હોય તો આ પૃથક્ ગણવાની રહેતી નથી.

(૫) **જિનસ્તુતિ**—આ કયા તીર્થંકરની સ્તુતિ છે તે વાત તેમ જ એ કોઈ સ્થળેથી છપાઈ છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

(૬) **જ્ઞાનપંચમીકથા**—જ્ઞાનની વિરાધના અને આરાધનાનાં ફળ દર્શાવનારી આ ગદ્યાત્મક કૃતિ છે. એમાં રાજપુત્ર વરદત્ત અને શ્રેષ્ઠિ-કન્યા ગુણમંજરીનો અધિકાર છે. સાથે સાથે બન્નેના પૂર્વ ભવ અને ઉત્તર ભવ વિષે પણ નિર્દેશ છે. આ કૃતિનું પ્રમાણ ૧૫૦ શ્લોક જેવડું છે. એ મેડતામાં રચાઈ છે. આને કેટલાક 'વરદત્તગુણમંજરીકથા' પણ કહે છે. (જુઓ જિનરત્નકોશ, પૃ. ૩૪૧.) જ્ઞાનપંચમીને સૌભાગ્યપંચમી કહેવાનું કારણ દર્શાવતાં અહીં કહ્યું છે કે પંચમીના આરાધનથી મનુષ્યોને અધિક સૌભાગ્ય મળે છે. એથી એનું સૌભાગ્યપંચમી એવું નામ લોકમાં પડયું.

(૭) **જ્ઞાનપંચમીકથા-બાલવબોધ**—આ ઉપર્યુક્ત સંસ્કૃત કૃતિનો ગુજરાતીમાં ગદ્યાત્મક અનુવાદ છે. લીંબડી જ્ઞાનભંડારના સૂચિપત્ર (પૃ. ૬૪) માં તેમ જ જૈ. ગૂ. ક. (પૃ. ૬૦૪) માં એની નોંધ છે એમ જણાય છે. ઉપર્યુક્ત લેખસંગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(પૃ. ૧૨૬) માં આપી રહીના વાંચન માટે વિ. સં. ૧૭૮૦માં જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ સંપૂર્ણ કરાયાનો ઉલ્લેખ છે. આ જ હાથપોથી તે કનકકુશલગણિએ રચેલી જ્ઞાનપંચમીકથાનો પોતે રચેલો બાલાવબોધ છે એમ અ૦ સાંડેસરાએ કહ્યું છે. એને માટે એમણે કારણ દર્શાવતાં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ—

"મને મળેલી હાથપ્રતમાં કર્તા તરીકે કનકકુશલનું નામ નથી, પરંતુ સ્વરચિત પંચમી-કથા ઉપરનો તેમનો બાલાવબોધ સુપ્રસિદ્ધ છે. તેમજ અન્યત્ર પણ એ વિષેની નોંધ મળે છે. (લીંબડી જ્ઞાનભંડારનું સૂચિપત્ર પૃ. ૬૪ તથા જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૫૯૧ તથા ૬૦૪),[૨] એટલે તેને કનકકુશળની કૃતિ માનવામાં કોઈ પ્રત્યવાય નથી."

અહીં દર્શાવેલ કારણ ઉપરથી જ આ બાલાવબોધ કનકકુશલનો જ છે એમ માનવા હું તૈયાર નથી. કનકકુશલના બાલાવબોધની હાથપોથી જ્યાં હોય ત્યાંથી એને મેળવી બન્ને બાલાવબોધ સરખાવી જોવા જોઈએ અને તેમ કરતાં એ એક જ જણાય તો હું એ વાતને અકાટ્ય પ્રમાણ ગણું. આ કાર્ય અત્યારે મારાથી બને તેમ નથી. એટલે આ સંબંધમાં મને કેમ શંકા રહે છે તે જણાવું છું અને તેનું નિરસન કરવાનું કાર્ય તજ્જ્ઞોને ભળાવું છું.

(અ) કનકકુશલની જે કૃતિઓ મારા જોવામાં આવી છે તેમાં એમણે કર્તા તરીકે પોતાનું નામ આપ્યું છે. તો આ બાલાવબોધમાં કર્તા તરીકેનો ઉલ્લેખ કેમ નથી?

(આ) એક જ કૃતિના ઉપર અનેક વ્યક્તિના બાલાવબોધ જોવાય છે તો એવું આ કૃતિના સંબંધમાં કેમ નહિ બન્યું હોય?

(ઇ) એ કોઈ અજ્ઞાત રહેવા ઇચ્છનારની કૃતિ તો નહિ હોય?

(૮) **દાનપ્રકાશ**—આ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૧૧માં પ્રસિદ્ધ થયેલી ૮૪૦ શ્લોકપ્રમાણક કૃતિ છે. એની પ્રશસ્તિનાં ચાર પદ્યો મેં ઉપર્યુક્ત સંસ્કૃત ભૂમિકા (પૃ. ૩૦)માં આપ્યાં છે અને એની પ્રત્યેક પ્રકાશના અંતમાં અપાયેલી પુષ્પિકા-ને આધારે તો મેં કનકકુશલને 'ગણિ' કહ્યા છે તેમજ એમના ગુરુ તરીકે 'સોમ-કુશલગણિ' નો ઉલ્લેખ કર્યો છે. આ પદ્યાત્મક કૃતિમાં દાન વિષે અધિકાર છે. આ કૃતિને આઠ ભાગમાં વિભક્ત કરાઈ છે. દરેક ભાગને 'પ્રકાશ' કહ્યો છે. આઠ પ્રકાશમાં અનુક્રમે મુનિવરને વસતિ (નિવાસ-સ્થાન), શય્યા, આસન, શુદ્ધ અન્ન, પ્રાસુક જળ, ઔષધ, વસ્ત્ર અને પાત્રનું દાન દેવાથી થયેલા લાભની વાત છે. આ આઠ પ્રકાશમાં અનુક્રમે કુરુ-ચન્દ્ર, પદ્માકર, કરિરાજ, કનકરથ, ધન અને પુણ્યક, [૩]રેવતી, ધ્વજભુજંગ અને ધન-પતિની કથા અપાઈ છે. આઠ પ્રકાશનાં પદ્યોની સંખ્યા પ્રકાશ દીઠ નીચે મુજબ છેઃ—

૧૭૯, ૫૨, ૧૧૫, ૧૧૫, ૫૬, ૩૯, ૧૮૧, ૪૩ (૩૯ + ૪).

૨ આ કૌંસગત લખાણ મારું નથી, પણ મૂળ લેખકનું છે. અહીં જે પૃ. ૫૯૧ નો ઉલ્લેખ છે તે અસ્થાને છે. કેમકે આ પૃષ્ઠ ઉપર કનકકુશલના કોઈ બાલાવબોધ વિષેનો ઉલ્લેખ નથી.

૩ મહાવીર સ્વામી ઉપર ગોશાલકે તેજોલેશ્યા મૂકી તેથી ઉદ્‌ભવેલા વ્યાધિને મટાડવા સિંહમુનિ રેવતીને ત્યાં ઔષધ લેવા જાય છે એ સમગ્ર પ્રસંગ અહીં વર્ણવાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધાં મળીને ૭૯૦ પદ્યોવાળી આ કૃતિ ૪ સરળ અને મનોરંજક સંસ્કૃતમાં રચાઈ છે.

**(૯) દીવાલી-કલ્પ**—આ દીવાળીને અંગેનો (કલ્પ) છે. એ મારા જોવામાં આવ્યો નથી.

**(૧૦) 'દેવાઃ પ્રભો 'સ્તોત્રવૃત્તિ**—જયાનંદસૂરિએ 'દેવાઃ પ્રભો!' થી શરૂ થતો સ્તવ (સ્તોત્ર) નવ પદ્યમાં રચેલ છે. એ 'સાધારણજિનસ્તવ' એ નામથી અવચૂરિ સહિત 'કાશી' થી યશોવિજય જૈન ગ્રન્થમાલામાં વીર સંવત્ ૨૪૩૯માં પ્રસિદ્ધ થયેલા "જૈન સ્તોત્રસંગ્રહ" ના પ્રથમ ભાગ (પૃ. ૪૫-૫૬) માં છપાયેલ છે. આમાં અવચૂરિના કર્તાનું નામ નથી. એટલે આ અવચૂરિ કનકકુશલની નહિ હશે. જો એમ જ હોય તો પ્રસ્તુત વૃત્તિ આથી ભિન્ન ગણવી જોઈએ.

**(૧૧) પંચમીપર્વસ્તુતિવૃત્તિ**—જિનરત્નકોશ (પૃ. ૨૨૭) જોતાં એમ જ ભાસે છે કે ૧૩૨ પદ્યની જે પંચમી સ્તુતિ છે તેના ઉપર કનકકુશલે વૃત્તિ રચી હશે. એ ગમે તે હો પણ **જૈન ગુર્જર કવિઓ** (ભા. ૧, પૃ. ૫૮૩) માં તો 'શ્રી નેમિઃ પંચરૂપ' થી શરૂ થતી ચાર પદ્યની **પંચમીસ્તુતિ** ઉપર કનકકુશલે વિ. સં. ૧૬૫૨માં વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ છે અને એ વાસ્તવિક હોય એમ લાગે છે.

**(૧૨) ભક્તામરસ્તોત્રવૃત્તિ**—આ માનતુંગસૂરિએ રચેલા **ભક્તામરસ્તોત્ર**ની ગદ્યાત્મક વૃત્તિ છે અને એ છપાયેલી છે.

**(૧૩) રત્નાકરપંચવિંશતિકાટીકા**—રત્નાકરસૂરિએ 'શ્રેયઃ શ્રિયાં મંગલ' થી શરૂ થતી ૨૫ પદ્યની સંસ્કૃતમાં સ્તુતિ રચી છે. એને કેટલાક 'વીતરાગસ્તોત્ર' કહે છે (જુઓ જિનરત્નકોશ, પૃ. ૩૨૮). મોટો ભાગ તો એને **રત્નાકરપંચવિંશતિકા** (ગુ. રત્નાકરપચ્ચીસી) કહે છે. આ કૃતિ યશોવિજય જૈન પાઠશાલા (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલી છે. આનો ગુજરાતી પદ્યાત્મક[૫] અનુવાદ થયેલો છે. વળી એનું સ્વ. કેશવલાલ પ્રે. મોદીએ તૈયાર કરેલું અંગ્રેજી ભાષાન્તર જૈન સાહિત્ય સંશોધક (Vol 1, No 1, pp. 15-16) માં ઈ. સ. ૧૯૨૦માં છપાયું છે. આના ઉપરની કનકકુશલની વૃત્તિની હાથપોથી કાંતિવિજયજીના વડોદરામાંના પુસ્તક ભંડારમાં છે એમ જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૯૨)માં કહ્યું છે.

**(૧૪) રોહિણીકથા**—આને 'રૌહિણેય-કથાનક' પણ કહે છે. આમાં કર્તાએ પોતાના વિદ્યાગુરુ તરીકે વાચક શાન્તિચન્દ્રનો ઉલ્લેખ કર્યો છે. જિનરત્નકોશ (પૃ. ૩૩૩)માં 'રોહિણ્યશોકચન્દ્રકથા' તરીકે ઓળખાવાયેલી આ કૃતિ જૈન આત્માનંદ સભા તરફથી વિ. સં. ૧૯૭૧માં તેમજ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૧૨માં છપાઈ છે. આ પદ્યાત્મક કૃતિ છે અને એમાં ૨૦૨ પદ્યો છે. આ કથા દ્વારા 'રોહિણી' તપનો મહિમા વર્ણવાયો છે. પદ્ય ૩૦-૩૬માં કેટલાક દેશોનાં નામ છે. રોહિણી અશોકચન્દ્રને

---

૪ આનો ગુજરાતીમાં અનુવાદ પ્રસિદ્ધ ન થયો હોય તો તેમ કરવું ઘટે.

૫ બાલાભાઈ કકલભાઈ તરફથી ઇ સ. ૧૯૦૯માં **રત્નાકરપચ્ચીસી** ગુજરાતી શબ્દાર્થ અને ગદ્યાત્મક અનુવાદ સાથે છપાઇ છે. સાથે સાથે આ પુસ્તિકામાં જિનપ્રભસૂરિકૃત **આત્મનિન્દાષ્ટક** (શ્લોક ૧-૧૦) અને હેમચન્દ્રાચાર્યકૃત **આત્મગર્હાસ્તવ** (શ્લોક ૧-૯) પણ આવા શબ્દાર્થ અને અનુવાદ સહિત છપાયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરણે છે. એને રુદનની ખબર નથી. એથી તો પુત્રના મરણને લઈને રડતી એવી એક આ પ્રકાર થતાં એણે એના પતિને પૂછ્યું કે છ રાગમાંથી આ કયે રાગે ગાય છે અને આ કયું વિચિત્ર નાટક છે?

(૧૫) **વરદત્તગુણમંજરીબાવની**—અધ્યાત્મ-બાવની, ઉપદેશ-બાવની, કુંડલિઆ-બાવની, કેશવ-બાવની, ક્ષેમ-બાવની, ગુણ-બાવની, જસરાજ-બાવની, દુહા-બાવની, દોહા-બાવની, ધર્મ-બાવની, નિહાલ-બાવની, પ્રાસ્તાવિક કુંડલિયા-બાવની, પ્રાસ્તાવિક છપ્પય-બાવની, બ્રહ્મ-બાવની, લઘુબ્રહ્મ-બાવની, સવૈયા-બાવની, સવૈયા માન-બાવની અને સાર-બાવની હિન્દીમાં છે, તો આ પ્રસ્તુત 'બાવની' પણ હિન્દીમાં હશે. અથવા રાજસ્થાની-વ્રજમાં 'બાવની' નામની કૃતિ છે તો એ ભાષામાં આ હશે. એ ગમે તે હો પણ આમાં વરદત્ત અને ગુણમંજરીનો અધિકાર હોવો જોઇએ એમ આના નામ ઉપરથી જણાય છે. આની હાથપોથી કોઈ સ્થળે છે?

(૧૬) **વિશાલલોચનસ્તોત્રવૃત્તિ**—'વિશાલલોચન'થી શરૂ થતી અને પ્રતિક્રમણ કરતી વેળા બોલાતી સ્તુતિ ઉપરની આ વૃત્તિ છે. એ સાદડીમાં રચાઈ છે. આ વૃત્તિ કોઈ સ્થળેથી છપાઈ છે?

(૧૭) **શોભનસ્તુતિવૃત્તિ**—શોભનમુનિએ **સ્તુતિચતુર્વિંશતિકા** રચી છે. અને એ પ્રસિદ્ધ છે. એના ઉપર કનકકુશલે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. (જુઓ જૈ. ગુ. ક., ભા. ૧, પૃ. ૫૮૩). આ વૃત્તિ છપાયેલી છે ખરી?

(૧૮) **સકલાર્હચ્ચૈત્યવન્દનવૃત્તિ**—'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ ૨૫ પદ્યમાં સકલાર્હત્ રચ્યું છે. એને 'બૃહચ્ચૈત્યવન્દન' પણ કહે છે. આના ઉપર કનકકુશલે વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ જિનરત્નકોશ (પૃ. ૪૦૮) માં છે અહીં જે કનકકુશલને વિજયસેનસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે તે ભૂલ છે, કેમકે એ તો એમના પ્રશિષ્ય છે.

જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૯૧) પ્રમાણે વિજયસેનસૂરિના શિષ્ય વિનયકુશલે વિ. સં. ૧૬૫૨ માં **મંડલપ્રકરણ** સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચ્યું છે. વિ. સં. ૧૬૫૦માં વિજયસેનસૂરિ-જીવરાજ-આનંદકુશલશિષ્ય રાજકુશલે **ખીમસોભાગ્યાભ્યુદય** નામની કૃતિ રચી તેમાં ખેમરાજ મંત્રી સંબંધી ઐતિહાસિક હકીકત પૂરી પાડી છે.

(૧૯) **સાધારણજિનસ્તવવૃત્તિ**—જિનરત્નકોશ (પૃ. ૪૨૯) માં છ **સાધારણ જિન સ્તવન**ની નોંધ છે. જેમકે (૧) કુમારપાલે ૩૩ પદ્યોમાં રચેલું સંસ્કૃત સ્તવન, (૨) **સોમપ્રભ**કૃત, (૩) જયાનન્દસૂરિકૃત, (૪) **હેમચન્દ્ર**ના શિષ્ય **રામચન્દ્રે** રચેલ કે જેને 'ષોડશિકા' કહે છે તે, (૫) રત્નાકરકૃત, અને (૬) અજ્ઞાતકર્તૃક. [૬] **સોમતિલક**સૂરિએ સાધારણજિનસ્તુતિ રચી છે અને એ આ૦ સમિતિ તરફથી ઈ. સ. ૧૯૨૭માં પ્રસિદ્ધ થઈ છે. વળી સૂરચન્દ્રે એક **સાધારણસ્તવન** રચ્યું છે. એના ઉપર કોઈકની

---

૬ **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** જે મેં સંપાદિત કરી છે તેની ભૂમિકા (પૃ. ૨૬-૩૫) માં મેં સોમતિલકસૂરિનો પરિચય આપ્યો છે. વિશેષમાં અહીં મેં 'ક' પરિશિષ્ટ તરીકે આ સૂરિની એક પદ્યમાં રચાયેલી અને ચાર અર્થવાળી **સાધારણજિનસ્તુતિ** અનુવાદ સહિત આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકા છે. આમ વિવિધ સ્તવનાદિમાંથી શેના ઉપર કનકકુશલે વૃત્તિ રચી છે એનો નિર્ણય કરવો બાકી રહે છે. બાકી જયાનન્દસૂરિકૃત 'દેવાઃ પ્રભો!' થી શરૂ થતા સ્તોત્રની વૃત્તિ તો એમણે રચી છે એ જ જો અહીં અભિપ્રેત હોય તો આના પૃથક્ ઉલ્લેખની જરૂર નથી.

(૨૦) સુરપ્રિયમુનિકથા—૭ આની એક હાથપોથી અહીંના મોહનલાલજીના ભંડારમાં છે. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલી છે, પણ એ મેં જોઈ નથી. એનું પ્રતાપવિજયજીએ ગુજરાતીમાં કરેલું ભાષાન્તર મેં જોયું છે. એમાં કહ્યા મુજબ આ ૧૨૫ પદ્યની કૃતિ છે. એ હાલીવાટક ગામમાં રચાઇ છે. એમાં સુરપ્રિયમુનિનો અધિકાર છે. પૂર્વજન્મના વેરને લઈને એમનો જ પિતા જે 'બાજ' પક્ષી થયો હતો તે રાણીનો હાર ઉઠાવી આ મુનિ કાયોત્સર્ગ કરતા હતા તે વેળા એમના ગળામાં નાંખી ગયો અને એથી રાજાએ અંતે એ મુનિને શૂળીએ ચડાવ્યા. ત્યાં એમને કેવલજ્ઞાન થયું. અને શૂળીનું સિંહાસન થયું. બાજ પક્ષી પણ આત્મનિન્દા કરી સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયું.

(૨૧) 'સ્નાતસ્યા' સ્તુતિ વૃત્તિ—'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિના શિષ્ય બાલચન્દ્રે 'સ્નાતસ્યા'થી શરૂ થતી ચાર પદ્યની સ્તુતિ રચી છે એમ કહેવાય છે. અને એ પ્રતિક્રમણાદિમાં બોલાય છે. આની વૃત્તિ વિષે જિનરત્નકોશ (પૃ. ૪૫૬)માં ઉલ્લેખ છે તે બરાબર છે. પણ એમાં કનકકુશલને હીરવિજયસૂરિના શિષ્ય તરીકે અહીં ઓળખાવ્યા છે એ ભૂલ છે.

(૨૨) હરિશ્ચન્દ્રનો રાસ—જૈ. ગુ. ક. (ભા. ૧, પૃ. ૫૮૩)માં આ રાસ વિષે અને એ વિ. સં. ૧૬૯૭માં રચાયા વિષે ઉલ્લેખ છે, પણ એની પ્રારંભની કે અંતની કોઇ પંક્તિ અપાઈ નથી. આ રાસ કોઈ સ્થળેથી છપાયો છે ખરો?૮

આમ મેં અહીં બાવીસ કૃતિઓનો આછો પરિચય આપતાં કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા છે, તો તેના ઉત્તર આપવા, કનકકુશલગણિની કોઈ કૃતિ નોંધવી રહી જતી હોય તો તેનો અને સાથે સાથે એમના કોઇ શિષ્યાદિ હોય તો તેમના નામનો ઉલ્લેખ કરવા તેમજ આ લેખમાં જે ન્યૂનતા જણાય તે દૂર કરવા તજજ્ઞોને વિનવતો વિરમું છું.

ગોપીપુરા, — સુરત
તા ૧૮-૮-૪૮

૭ આમાં ક્યાં ક્યાં ધન દાટેલું હોય તેની નિશાનીઓ બતાવાઈ છે.

૮ અત્યાર સુધીમાં કઈ કઈ જૈન કૃતિ ક્યાંથી છપાઇ છે તે જાણવાનું કોઈ સાધન નથી. દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલી કૃતિઓ વિષે જેમ એના ગ્રન્થાંક ૬૭ના અન્તમાં ઉલ્લેખ કરાયો છે તેમ વિવિધ સંસ્થાઓ પોતા તરફથી છપાયેલી કૃતિઓ અંગે માહિતી પૂરી પાડે તોયે આ દિશામાં થોડોક પ્રકાશ પડે.

૯ ગોડી-પાર્શ્વનાથછંદની નોંધ મેં સંસ્કૃત ભૂમિકામાં શાને આધારે કરી હશે તે યાદ આવતું નથી એથી તેમ જ શાંતિકુશલની આનું સ્મરણ કરાવનારી કૃતિ વિ. સં. ૧૬૬૭માં રચાઈ છે એથી આ ઉલ્લેખ ભ્રાન્ત તો નથી એવી શંકા ઉદ્ભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# बारह भावना संबंधी विशाल साहित्य

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'जैन सत्य प्रकाश' के क्रमांक १५३ में मुनि रमणिकविजयजी का 'बार भावनाना साहित्य विषे कंईक विशेष' शीर्षक लेख प्रकाशित हुवा है। उसमें आपने मेरे लेखके सम्बन्धमें जो कुछ लिखा है वह विचारपूर्ण प्रतीत नहीं होता। क्यों कि मैंने अपने लेखमें यह स्पष्ट लिख दिया था कि—"बारह भावना का साहित्य बहुत विशाल है। कापडियाजीने जो सूची उपस्थित की हैं उतना ही साहित्य और भी मिल सकता है। मेरी जानकारीमें भी अनेक ऐसे ग्रन्थ आये हैं जिनमें बारह भावनाओं का विवरण है पर अभी वह मेरे सामने नहीं हैं, अतः विशेष विचारणा भविष्यमें की जायगी। यहां तो दो चार बातों पर ही प्रकाश डाला जा रहा है।" अर्थात् उस लेखका लेखन सिलहट (पाकिस्तान)में अपने व्यापारिक केन्द्रोंके निरीक्षणार्थ जाने पर हुआ था। वहां साधन न होनेसे जो कुछ आवश्यक सूचन करना था कर दिया गया व भविष्यमें विशेष विचार करनेका निर्देश भी कर दिया था तब "नाहटाजी नी नोंधमां विशेष ज्ञातव्य तरीके खास कांई जणातुं नथी" लिखनेका कोई अर्थ नहीं रह जाता, क्यों कि उसमें स्पष्ट रूपसे १ साहित्यकी विशालता, २ मेरे अवलोकनमें अन्य अनेक ग्रन्थोंका आना, ३ उस समय साधनों का पासमें न होना, ४ भविष्यमें विशेष प्रकाश डालनेकी सूचना कर ही दी थी। कुंदकुंद के समय व सकलचंद्रके गच्छ सम्बन्धी स्पष्टीकरणको आपने अप्रस्तुत बतलाया है पर जिस लेखके संबंधमें विशेष ज्ञातव्य लिखा गया उसमें इन दोनों बातों के संबंधमें चर्चा है अतः इनके संबंधमें लिखी गई टिप्पनी अप्रस्तुत नहीं मानी जा सकती। सकल कविको चाहे अन्य सभी तपागच्छीय मानते हों पर कापडियाजीने "कहेवाय छे (निश्चित नहीं) पण एमना गच्छ समय इत्यादि विषे कोई उल्लेख जाणवामां नथी" लिखा है अर्थात् वे इसे असंदिग्ध नहीं मानते इसी लिये मुझे लिखना आवश्यक हो गया था। अस्तु।

अब मैं अपनी पूर्व सूचनानुसार बारह भावना संबंधी जो विशाल साहित्य मेरे अवलोकन एवं जानने में आया है उसीका परिचय दे रहा हूं।

(१) यद्यपि कापडियाजीका अध्ययन बहुत विशाल एवं स्मृति तेज है अतः बारह भावना सम्बंधी साहित्य की विस्तृत सूची दी है पर उनमें एतत् सम्बन्धी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मौलिक रचनायें १० के करीब ही हैं, बाकीके नाम ऐसे ग्रन्थों व टीकाओं के हैं जिनमें १२ भावनाओं का वर्णन पाया जाता है अर्थात् अवान्तर ग्रन्थों की सूची ही अधिक है। ऐसे छोटे मोटे अवान्तर ग्रन्थों का मैं उल्लेख करने लगूं तो शायद उनकी सूचीसे द्विगुण हो जाय अतः लेख विस्तार भयसे मैं इस लेख में १२ भावना सम्बन्धी स्वतंत्र छोटी मोटी रचनाओंका ही निर्देश करना आवश्यक समझता हूं और वह भी कापडिया व मुनिश्री के सूचित रचनाओं से दुगुनी चौगुनी हो ही जायगी।

(२) पाटणके ताडपत्रीय ग्रन्थसूचीमें ही ऐसी रचनाओंका निम्नोक्त निर्देश पाया जाता है। यथा—

| | | |
|---|---|---|
| १ | द्वादश भावना गा. २०८ (२१०) | सूची पृ. ९१–१३० |
| २ | ,, ,, कुलक गा. ३२ जिनेश्वरसूरि | ,, पृ. २४ |
| ३ | ,, ,, ,, गा. १२ | पृ. ४१० |
| ४ | भावना प्रकरण प्रा० | ,, पृ. २३–१६९–२९९ |
| ५ | ,, सं० | पृ. ३९४ |
| ६ | भावनासार अपभ्रंश गा. ८८ | पृ. २९ |
| ७ | भावना कुलक गा. ३० | पृ. ८९ |
| ८ | ,, गा. २४ सोमदेव | |
| ९ | ,, गा. २२ यशोघोष | पृ. १८९–४१० |

नं. ४ व ६ से ९ में १२ भावना का (उद्धरणोंमें तो) नामनिर्देश नहीं है पर विषय यही प्रतीत होता है। प्रति देखने से पूरा निर्णय हो सकेगा।

(३) जिनरत्न कोषमें निम्नोक्त रचनाओं का निर्देश है–

१० द्वादशभावना विनयविजय डेहला उपासरासूची (संभव है शान्तसुधारसका ही अपर नाम हो)

११ द्वादशभावना (कथा) लींबडी नं. ९६२

१२ ,, प्रकरण

भावना नामांकित १ भावना प्रकरण (गा. ४९४ हंस नं. ८९३), २ भावनाशतक, ३ भावनासार (अजितप्रभ) आदिका उल्लेख है। संभवतः उनमें भी १२ भावनाओंका विवरण होगा। निर्णय तो प्रति देखनेसे हो हो सकता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(४) हमारे संग्रहमें द्वादश भावनाकुलक गाथा १३ ( १५ ) के व द्वादश भावना कथाकी २ प्रतिये हैं—

१ भावनाविलास-लक्ष्मीवल्लभ, २ भावना बेलि जयसोम एवं ३ भावना सज्झाय सकलचन्द्र कृत, ४ जयसोम कृत भावना संधि भी हमारे संग्रहमें हैं एवं चारों प्रकाशित भी हैं।

१ बारह भावना कथा ( हमारे संग्रहमें ) २ प्रकारकी हैं।

२ भावना विलास, मगन ( सं. १९५२ चै. शु. २ कल्याणपुरी )

३ १२ भावनागीत, पद्मराज ( १७ वीं ) गा. १२

४ ,, समयसुन्दर

आधुनिक रचित एवं प्रकाशित ग्रन्थों में निम्नोक्त उल्लेनीय हैं—

१ भावनाभूषण—विनयविजयजी हमारे संग्रहमें

२ भावनाबोध—राजचंद्र | सेठिया लाइब्रेरी

३ भावनाशतक–स्था० रत्नचंद्रजी | सेठिया लाइब्रेरी

(५) यहां के ज्ञानभंडारमें १२ भावनाविचारादिकी प्रतियें हैं।

## दिगम्बर साहित्य।

( १ ) 'अनेकान्त'में प्रकाशित दि० भंडारोंकी सूचियें एवं जिनरत्न कोष आदिसे १२ भावना सम्बंधी नीचे लिखे दि० साहित्यका पता चला है—

१ द्वादश अनुपेक्षा पं. योगदेव कुंभनगर 'अनेकान्त' व. ४ पृ. ४८७

२ ,, कन्नड ( उदयराग ) ,, पृ. ६००

३ ,, ,, ( विजयण्ण ) ,,

४ ,, ,, गौतमस्वामी ( ? )

५ ,, मू. प्रा. टी. कन्नड ( मू. कुंदकुंद ) टी. केश ( व वर्णी )

६ ,, कल्याणकीर्ति | जिनरत्नकोष

७ ,, अज्ञात | जिनरत्नकोष

८ ,, अपभ्रंश गा. २१ विश्वसेन हमारे संग्रहमें

९ दोहडा अनुपेक्षा अपभ्रंश लक्ष्मीसेन 'अनेकान्त' व. ५

१० बारस अणुवेक्खा ( अपभ्रंश ) जाल्हिग अनेकांत व. ५

११ ,, ,, ,, कवि ईसर ,,

१२ ,, ,, ,, लक्ष्मीचन्द्र ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१३ अध्रुव अनुपेक्षा अध्रुव अनेकान्त व. ५

१४ द्वादश अनुपेक्षा गर्भित ( राजुल पचीसी ) विनोदीलाल

१५ अनुपेक्षा भावना भगवतीदास ( १६८० ) दि. जै. सा. इ. पृ. १०१

१६ द्वादश अनुपेक्षा छत्रपति ( १९०७ ) दि. ग्रन्थसूची

१७ ,, बिरधीचन्द्र ( १९ वीं )

प्रकाशित हिन्दी दि. ग्रन्थ

१८ बारह भावना नयनसुख प्र. जैन साहित्य सदन दमोह (c. p.)

१९ ,, ,, भूदरदास प्र. भावनासंग्रहमें

२० ,, ,, गा. १४ बुधजन ,,

२१ ,, ,, गा. १५ भगौतीदास ,,

२२ ,, ,, गा. १२ जयचन्द्रजी ,,

२३ ,, ,, मंगतरामजी ,,

२४ द्वादशानुपेक्षा, हिं. प्राप्तिस्थान मूलचंद किशनदास सूरत

२५ ,, गु. ,,

२६ बारह भावना संग्रह ,,

२७ अनित्य पंचाशत् ,,

२८ द्वादशानुपेक्षा पद्मनंदि ( उपासकाचारके अंतर्गत )

२९ ,, बाहुबली ( मूल प्राकृत, टीका कन्नड ) ( संभवतः कुन्दकुन्दके ग्रंथकी ही टीका है )

३० ,, वादीभसिंह ( क्षत्रचूडामणिसे उद्धृत )

३१ ,, कन्नड भाषाकी अज्ञातकर्तृक अनेक प्रतियां ( इनका उल्लेख अभी अभी भारतीय ज्ञानपीठसे प्रकाशित कन्नड प्रांतीय ताडपत्रीय ग्रन्थसूचीमें पाया गया है )

३२ बारह भावना दूहा हिन्दी ( सं. १६८९ लि. हमारे संग्रहके गुटकेमें )

अब श्रीयुत् कापडियाजी एवं रमणिकविजयजीके लेखोंके सम्बंधमें कुछ ज्ञातव्य बातें नीचे दे दी जाती हैं—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१ मरणसमाधिपयन्नेका उल्लेख नंदीसूत्रमें आनेसे उसका समय ५ वीं शताब्दी के पूर्वका निश्चित है।

२ स्वामी कीर्तिके पानुपेक्षा हिन्दी अनुवाद सहित प्रकाशित है इस पर २–३ भाषा टीकाएं भी उपलब्ध हैं।

३ संस्कृत, कन्नड दि. अनुपेक्षा ग्रन्थों का उल्लेख उपर कर ही दिया है। शुभचन्द्रका समय कुछ पीछेका प्रतीत होता है। देखें प्रेमीजीका 'जैन साहित्य और इतिहास' ग्रन्थ।

४ जयदेवरचित भावनासंधि जैनयुग वर्ष ४ पृ. ३१४ में व मधुसूदन मोदीका लेख भी उसी पत्रके पृ. ४६९में प्रकाशित है।

५ तपा जयसोमकी भावना सज्झायके रचनेका महीना सूचिसे चैत्र लिया गया है पर अमरकोषादिके अनुसार अषाड होना चाहिये।

६ सकलचंद्रकी १२ भावनावेलि विवेचनसहित जैनधर्म प्रसारक सभासे छप चुकी है। उसके परिशिष्टमें अमृतविजयरचित १२ भावना भी प्रकाशित है। अवान्तर ग्रन्थोंमें ज्ञानार्णवके आधार से रचित श्रीमद् देवचंद्रजी रचित ध्यानदीपिका चौपाइमें विस्तृत वर्णन है। एवं अगरचंद भैरोंदान सेठिया प्रकाशित जैन सिद्धांत बोलसंग्रह भा. ३ के पृ. ३९० में विस्तारसे विवरण दिया गया है।

७ मुनि रमणिकविजयजी सूचित भावनाप्रकरणकी दो ताडपत्रीय प्रतियें पाटणके भंडारमें हैं जिनमेंसे एकमें गा. १३२ है।

८ भावनाकुलक पाटण भंडार में कई हैं। मुनिश्री सूचित गा. २४ वाला उनसे अभिन्न है तब तो वह प्राचीन है। मुनिश्रीने उसे १९ वीं के पूर्वार्द्धका बतलाया पर वह लेखनसमय ही संभव है। कुलक ×साहित्य का समय ८ वीं से १७ वीं तक का है।

९ द्वादशानुपेक्षा—आल्हकृतका समय १८ वीं सदी अनुमान किया गया है पर वह १५ वीं १६ वीं शताब्दी का संभव है। १७ वींकी लिखित तो प्रति भी उपलब्ध है।

आल्ह दि. है या श्वे० इसका निर्णय करना आवश्यक है। दि. भंडारमें भी इसकी प्रतियें उपलब्ध हैं।

× देखें जैनधर्म प्रकाशमें प्रकाशित मेरा कुलकसाहित्य सम्बन्धी लेख।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( કાયકલના બીજા પાનાનું અનુસંધાન )

अट्टाइं रुद्दाइं परिच्चयंति, धम्माइं सुक्काइं समायरंति ।
नवाइं [14]कम्माइं न बंधयंति, पुविल्लयाइं तवि [15]झोसयंति ॥ १३ ॥
तेसिं नमो दुक्करकारयाणं, महव्वयादुद्धरधारयाणं ।
जिणागमे सुद्धपरूवगाणं, विसुद्धचरणें करणे रयाणं ॥ १४ ॥
[16]अहं पि पुव्विं गिहवासलीणो, सुसाहुधम्मे विमले न लीणो ।
इण्हिं पुणो [17]वयबलसत्तिहीणो, [18]चिट्ठे जहा जलविरहंमि मीणो ॥ १५ ॥
जाणंतओ भोगसुहे अणिच्चे, [19]घोरेअरे दुहभरिए [20]अनिच्चे ।
न लग्गओ दुविहे धम्मकिच्चे, ठिओ अहं कुड्डकवाडविच्चे ॥ १६ ॥
आसापिसाएण[21] घरेवि मुक्को, [22]मणोरहो साहु मणंमि चुक्को ।
कयावराहो[23] वि गिहे निलुक्को, [24]चिट्ठे जहा वानर डालचुक्को ॥ १७ ॥
अइसंकिलिट्ठा विसया अणिट्ठा, करंडए छूढभुयंगपुट्ठा ।
मोहंधयारेहिं[25] झडत्ति दड्ढा, अम्हारिसा जग्गंता वि मुट्ठा ॥ १८ ॥
एएण मन्नामि अहं कयत्थो, जं पाविओ [26]सिवपुरमग्गसत्थो ।
जिणिंदभणिओ धम्मो पसत्थो, संसारजलहीतरणे समत्थो ॥ १९ ॥
भत्तिब्भरो नामसिरो सया हं, विन्नत्तियं परमिट्ठीण काहं ।
पत्थेमि [27]वत्थु इह किंचि नाहं, भवे भवे दिंतु सुबोहिलाहं ॥ २० ॥
खमावणं सव्वजीवाण खमणं, आलोयणाई चउसरणगमणं ।
अणसणं पच्चक्खाणकरणं, अंतंमि मे हुज्ज समाहिमरणं ॥ २१ ॥
जे भावणाए कुलयं पढंति, एयं सचित्ते परिभावयंति ।
आणं जिणंदाण सया कुणंति, ते झत्ति निव्वाण सुहं लहंति ॥ २२ ॥

---

१४ पावाइं न ते करिंति प्र० । १५ सोसयंति प्र० । १६ इहं तु प्र० । १७ ०सत्थहीणो प्र० । १८ चिट्ठं जहा प्र० । १९ घरोवरे प्र०, गडोवमे प्र० । २० निभिच्चे प्र० । २१ ०हिं घरेवि प्र० । २२ मणोरहा सो त्ति मणे विमुक्को प्र० । २३ राहु व्व गओ प्र० । २४ चिट्ठं जहा प्र० । २५ ०यातेहि प्र० । २६ ०पुरिगमणसत्थो प्र० । २७ वत्थं अइ किंपि नाहं प्र० ।

આ ભાવનાકુલક શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરની પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે. આ કુલક ખૂબ જ અશુદ્ધ હતું આથી તેની લગભગ પાંચેક પ્રતિઓ મેળવી સંશોધન કર્યું છે, છતાં હજી સર્વાંગશુદ્ધ થઈ શક્યું નથી. આ કુલકનાં નામો પ્રતિઓમાં નીચે મુજબ મળે છે—

૧ નિશાવિરામકુલક, ૨ શ્રાવકકુલક, ૩ સ્વજીવાનુશાસનકુલક અને ૪ ભાવનાકુલક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઇલો

શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દસમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રક:–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only